ॐ હરિઃ ! !

જગત પ્રસિદ્ધ જોદ્ધા.

# કૌરવ—પાન્ડવ

—ભાગ ૨ જો.—

## નાટકનાં ગાયનો.

રચનાર,

કવિ. ભાઈશંકરજી વિ. વિદ્યારામ પંડિત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

**શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક**

**કંપની માટે.**

માલીક,

**ધીરજલાલ અમરતલાલ સાં. ક.**

 પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦.

શ્રી 'લક્ષ્મિ' પ્રિન્ટિંગ પ્રેસ, ત્રણદરવાજા–અમદાવાદ.

... મણીલાલ ઉગરચંદે છાપ્યું.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦.

કીંમત બે આના.

## व्यक्ति परत्वे आभासन्

## ઉપજાતીવૃત્ત

૩૧૫૩

આ બાગમાં પક્ષી દીસે અપાર, મેના સુડા સારસ ઠાર ઠાર;
સુણો ઘણા શબ્દ થતા જતા છે, ઇર્ષ સ્વરે ઉત્તમ કોકીલા છે.

૨

સ્ત્રીનું નહી વર્ણન જેહ માંહી, તે તો ન શોભે કવિતાજ ક્યાંહી;
શ્રીમંત કેરૂં ઘર હોય સારૂં, નારી વિના જેમ દીસે નકાર.

૩

ક્ષીરોદથી તો દધીમંડ થાય, મિષ્ટોદ તેમાં પછી મેળવાય;
ઘૃતોદથી ઇક્ષુરસોદ જોડો, કવિત્વથી સ્વાદ તથાપી થોડો.

૪

ધંતૂર પુષ્પો પ્રિય ધુર્જટી કે', ને અર્ક પુષ્પો ગણનાથજી લે';
તેથી નહીં માન ઘટે ઘણેરૂં, ગુલાબ કે ચંપક પુષ્પ કેરૂં.

૫

સંસારમાં દુઃખ ખરાંજ બેય, શરીર પીડા નહીં અન્ન તેય;
અનેક બીજાં દુઃખ આધિ જાણો, માની લીધેલાં મનથી પ્રમાણો.

૬

સ્વભાવથી બાવળ માંહી શૂળ, સ્વભાવથી ચંપક માંહી ફુલ;
ક્રોટી ઉપાયો કરીએ કથીજ, સ્વભાવનું ઔષધ તો નથીજ.

રચનાર,

કવિ ભાઇશંકરજી વિ. વિદ્યારામ પંડિત.

શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક કંપની.

# કૌરવ—પાન્ડવ.

## ભાગ બીજો.

## ટુંકસાર

પ્રારંભે સુત્રધારની પ્રભુ પ્રાર્થના. નટી પ્રતિ વસ્તુ સુચન. નાટ્ય સંકળનાનું નિદર્શન. બે બાળાઓનું સમયોચિત ગાયન ને ગ્રહણ કરવા યોગ્ય વિચારોનું સ્પષ્ટિકરણ.

પ્ર૦ ૧ લો—દુર્યોધનની નાયકાઓના અભિનયમાં તન્મયતા. ભિષ્મ વિદુરની શીખામણનો અનાદર. રાજ્યસભામાં રાગદ્વેષ. દુર્વાસાનું આવાગમન. શાપીત બદલે વરદાઇ થયેલા પાન્ડવો સંબંધે દુર્યોધનની દુર્વાચ્છના. ને પરીણામે શાપના સંતાપની વિષમ અગ્નિમાં રોળાવું.

પ્ર૦ ૨ જો—યુધિષ્ઠિરની અધીરતા. કૃષ્ણનું આશ્વાસન. ઉપવન ક્રીડાની ઉજાણી. ને સતભામા દ્રૌપદીના સંવાદમાંથી અસ્ખલીત શ્રવતી સતીધર્મ પતીસેવાની અનુપમ પ્રસાદી.

પ્ર૦ ૩ જો—અર્જુનની ઉગ્ર તપશ્ચર્યા. મહાદેવનું પ્રસન્ન થવું. પાશુપતાસ્ત્રની પ્રાપ્તિ. ને ઇંદ્ર લોકમાં જવાની પ્રબળ ઉત્કંઠા.

પ્ર૦ ૪ થો—દેવ દાનવોનું તુમુલ યુદ્ધ. ઇંદ્રની નિરાશા. અર્જુનની સહાયતા. ને કૃપા સહીત દિગ્વિજયી શસ્ત્રમંત્રોનો આશીરવાદ.

પ્ર૦ ૫ મો—મૃગયા રમવા નિકળેલા પાન્ડવો માટે દ્રૌપદીનો અસહ્ય સોચ. જયદ્રથનું એકાએક આગમન. મદન જ્વરની

મારફાડ. સતીની શીખામણ. જયદ્રથનો જુલમ ને દ્રૌપદીના હરણ માટે ભીમનો ભયંકર ક્રોધ.

પ્ર૦ ૬ ઠ્ઠો—અર્જુનના શૌર્યથી અતૃપ્ત રહેતી કિરતીધરની હૃદય જીજ્ઞાશા. ને તે વિષે ઉર્વશીની અમુલ્ય સલાહ.

પ્ર૦ ૭ મો—અર્જુનની મંત્ર ગોખવામાં એકાગ્રતા. ઉર્વશીની પ્રેમ માગણી. અર્જુનની અચલીત દૃઢતા. ઉર્વશીનો શ્રાપ. ઈંદ્રલોકની ડોલંડોલા ને અર્જુનનું મૃત્યુ લોકમાં ઉતરી આવવું.

ટેબલો.

---

## અંક બીજો.

પ્ર૦ ૧ લો—અર્જુન વિયોગી વ્યાકુળ થતા યુધિષ્ઠિરને વૃહદશ્વની શીખામણ ભીમની પ્રજ્વલીત આત્મભાવના. અર્જુનનું આવવું. પ્રાપ્ત થયેલાં શસ્ત્રોનો સદ્ઉપયોગ. ઈંદ્રનો ગભરાટ. વિરાટ્ રાજ્ય સભામાં જવાની સુચના ને તે વિષે પાન્ડવોનું અનુકરણ.

પ્ર૦ ૨ જો—વૈરાટેશ્વરની પ્રધાન સાથે ક્ષાત્રધર્મ સંબંધે સમાલોચના. પાન્ડવોની માગણી. યોગ્યતાનુસાર અધિકાર પ્રાપ્તી. દ્રૌપદીની કબુલાત. ને કીચકની કામવાન્છના.

પ્ર૦ ૩ જો—પાન્ડવોનાં કૃત્યો વિષે સુદેષ્ણાની શંકાઓ. દાસીપણે રહેલી દ્રૌપદીનું તે વિષે સમાધાન. કીચકની કરામત. સગી બેનની સહાયતા. નાછૂટકાજે સ્વિકાર ને દ્રૌપદીનું કીચક મેહેલે જવું.

પ્ર૦ ૪ થો—કીચકનો બળાત્કાર. અસુરની અણચીંતવી મદદ. ભયંકર પ્રસંગની મુલાકાત. ને અદ્ભુત રીતે દ્રૌપદીનું શીયળ રક્ષણ.

પ્ર૦ ૫ મો—પાન્ડવોની પંચાતમાં જેમતમલની શોધ ખોળ. ને કામાંધ કીચકનો અનુચર સાથે ઝુલથામમાં ભોગવેલો નીચ વિષયાનંદ.

પ્ર૦ ૬ ઠ્ઠો—રસોડામાં રક્ષાયલા બીમ સામે દ્રૌપદીનું આક્રંદ. ભીમની દ્દઢ પ્રતિજ્ઞા. ને જયમતમલની પરોણાગતની યથાયોગ્ય સરભરા.

પ્ર૦ ૭ મો—દ્રૌપદીની કીચક મહેલે જવાની એકામતા. ગીરૂપ ભીમ સાથે અર્જુનની મુલાકાત. ને જયમતમલનો જીવ લીધાની વધામણી.

પ્ર૦ ૮ મો—ચીત્રશાળામાં ભીમનું ભરાવું. કીચકનું આવવું. શૃંગાર રસનો શબ્દ અનુભવ. ભેટવાની ભાવનામાં પરીણામે પ્રાણુ ખોવા. ને પાટડા નિચે ચગદી ભીમે રસ્તો માપવો.

પ્ર૦ ૯ મો—કર્ણ, શકુની, કૃપાચાર્ય ને સુશર્મા સહીત દુર્યોધનનું વૈરાટ રાજ્યની હદમાં આવવું ગાયો હરણ કરવાની યુંક્તિ અજમાવવી. પ્રધાન સહીત વિચરતા વીરાટ રાયને ઓખડા કીચકનો ભેટો. ને ભીમની યુક્તિ પ્રયુક્તિ થી કૈયાનું માર્યા જવું.

પ્ર૦ ૧૦ મો-સખીઓ સાથે ક્રીડા કરતી ઉત્તરા કુંવરી પાસે ઉત્તર કુંમારનું આવવું. પોતાની શસ્રકળા માટે અગત્યતા દક્ષીણુ દીશામાં ગાયો ઘેરાયાના સમાચાર. ને ઉત્તર કુમારની અર્જુન સહીત તે તરફ વિદાયગીરી.

પ્ર૦ ૧૧ મો-વિજય મેળવી આવેલા વૈરાટેશ્વરની ઉદારતા. ઉત્તર કુમારની માર્ગમાં મુલાકાત. પાન્ડવોની અણધારી ઓળખાણુ ને ઉત્તરા કુંવરીને અર્જુન સાથે પરણુ-વવાની ઈંતેજારી.

પ્ર૦ ૧૨ મો-શ્રીકૃષ્ણના અભિમન્યુના લગ્ન સંબંધે વિચારો. લાડ બડવાની ગોઠવણી. ને વરઘે ડીઆનું ગોત્ર દેવીને વધામણું-

પ્ર૦ ૧૩ મો—દ્રુપદ, સાત્યકી, વિરાટ્‌ને કૃષ્ણઅગ્રજદેવ આદિ ક્ષત્રીવીરો સમક્ષ ગુમાવેલા હકને પુનઃ પ્રાપ્ત કરાવી આપવા યુધિષ્ઠિરની માગણી. યોગ્ય કૃત્યમાં જોડાવા સર્વની એકદીલી. ને વિષ્ટી લઇ હસ્તિનાપુર જવા કૃષ્ણને ખાસ ભલામણ.

પ્ર૦ ૧૪ મો—દુર્યોધન અને શકુનીની પ્રપંચ જાળ. ધૃતરાષ્ટ્રનો પ્રતિકુળબોધ. કર્ણનું ધૈર્ય, કૃષ્ણની સલાહ. દુર્યોધન ઉપર દબાણ. ભેદ પ્રપંચનું આસ્ફોટન. દુર્યોધનની ઉગ્રતા. કૃષ્ણ ઉપર શસ્ત્ર ઉગામવાની સાવચેતી. ને વિરાટ સ્વરૂપની વિસ્તર્ણ વિચારણામાં કૃષ્ણનું અદશ્ય થવું.

## ટેબલો.

## અંક ૩ જો.

પ્ર૦ ૧ લો—વિષ્ટીના પરીણામ વિષે પાન્ડવોની અધીરતા. કૃષ્ણની યુદ્ધ કરવાની ઉશ્કેરણી. ને યુધિષ્ઠિરની સંતાપમય દયા જનક સ્થિતી.

પ્ર૦ ૨ જો—દુર્યોધનનો હૃદય ઉકળાટ. શકુનીનું શાંતવન. યુદ્ધની આમંત્રણ પત્રિકા આવવી. દુર્યોધને ભિષ્મને મળવું. ને ભીષ્મે યુદ્ધમાં ઉતરી કૃષ્ણને શસ્ત્રો પકડાવવાની પ્રતિજ્ઞા લેવી.

પ્ર૦ ૩ જો—એક બાજુ અર્જુનને બીજી બાજુ ભીષ્મની સરદારી. અર્જુનની આનાકાની. કૃષ્ણની ચૈતન ચાવી. ભીષ્મની ઉગ્રતા. શીખંડીની ગોઠવણ. ભીષ્મનું મરણ. ને પાતાળ ગંગાના જળથી તૃષાની નિવૃત્તી.

પ્ર૦ ૪ થો—યુધિષ્ઠિરની દીલગીરી. અર્જુનની શબ્દ ગર્જના. સુશર્માની સંકેતીક માગણી. અર્જુને યુદ્ધે જવું. કૌરવોનો દગો. કોઠાયુદ્ધની માગણી. પાન્ડવોની અતુલ્ય હૃદય વ્યથા. અભિમન્યુ અને ગટોત્કચની તૈયારી. અમર રાખડીની આશા. ને ભવિષ્યની બુરાઇઓ.

પ્ર૦ ૫ મો—કૃષ્ણે બ્રાહ્મણનું રૂપ લેવું. અભિમન્યુને સમજાવવો. રાખડી તોડાવવી. ઉત્તરાકુંવરીનો સંયોગ. રૂતુદાનની રગઝગ આશાપુર્ણ અભિમન્યુને યુદ્ધે ચઢવા બોધ. ને બાળવીરની તે વિષે દ્રઢતા.

પ્ર૦ ૬ ઠો—કોઠાયુદ્ધમાં આવી અભિમન્યુએ ૭ કોઠા સર કરવા. ભગદત્તના હાથીને સંહારવા ભીમનું જવું. જયદ્રથને હાથે અભિમન્યુનું મોત. યુધિષ્ઠિરનું કલ્પાંત. અર્જુનની પ્રતિજ્ઞા. જયદ્રથનું મરણ. ને દુર્યોધન દુઃસ્યાસન શકુની શલ્ય સહીત આખા કૌરવ કુટુંબની પાયમાલી.

પ્ર૦ ૭ મો—વિદુરજીએ તિર્થાટન કરી પાછા ફરવું. અશ્વસ્થામાએ પાન્ડવોના પુત્રોને સંહારવા નીકળવું. બળીભદ્રનો ક્રોધ. કૃષ્ણની કપટજાળ. અશ્વસ્થામાને શાપ. સુભદ્રાનો અ- વર્ણનીય શોક. કુંતાની ધીરજ. વિજયના સમાચાર. સર્વેનો ભેટો. ને રાજ્યસિંહાસને જવાની ઉત્સુકતા.

પ્ર૦ ૮ મો—કૌરવકુળની ભયંકર હાનીના સમાચાર. ધૃતરાષ્ટ્રની અંધ શ્રદ્ધા. નારદજીના હાથે યુધિષ્ઠિરને રાજ્યાભિષેક ને વારાંગનાઓનો નૃત્યાભિષેક.

શાંતિઃ ! શાંતિઃ ! શાંતિઃ ! શાંતિઃ ! શાંતિઃ !

કરાચી { ઠે. નેપીઅરરોડ, રૂબીથીએટર.
તા. ૨૦–સપટેમ્બર ઈ. સ ૧૯૧૦.

# મુખ્ય પાત્રોનાં નામ અને સંબંધ.

—:o:—

## પુરૂષ વર્ગ.

સુત્રધાર— ... ... નાટ્યારંભે ઇશ્વર સ્તવન કરનાર.
ભીષ્મ—શંતનુ રાજા એ ગંગાથી ઉત્પન્ન થએલા બળિષ્ટ પુત્ર.
દુર્યોધન— ... ધૃતરાષ્ટ, ગાંધારીથી ઉત્પન્ન થયેલો દુષ્ટ પુત્ર.
વિદુરજી— વિચિત્ર વિર્યની દાસીથી ઉત્પન્ન થએલો ભક્ત પુત્ર.
દુર્વાસા— ... ... અત્રી પ્રજાપતીના તામસી પુત્ર
યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, નકુળ, સેહેદેવ ...કુંતા અને માદ્રીને પેટે ઉત્પન્ન થએલા પાન્ડુપુત્રો.
શ્રી કૃષ્ણ— ... ... ... દ્વારીકાધિશ મહાપ્રભુ.
મહાદેવ— ... ... તમો ગુણ પ્રાધાન્ય પરમાત્મા.
ઇંદ્ર— ... ... ... ... સ્વર્ગ લોકનો મહારાજા.
જયદ્રથ— ... ... ... સિંધુરાજનો બળિષ્ટ પુત્ર.
કોટિકાશ્ય— ... ... ... જયદ્રથનો હજુરી સેવક.
કીરતીધર— ... ... ... ...ઇંદ્રનો પ્રધાન.
વૃહદશ્વ— ... ... સ્વધર્મશીળ પરોપકારી તપસ્વી.
વિરાટ— ... ... ... વૈરાટ દેશનો ન્યાયીરાજા.
કીચક— ... ... ... વિરાટ રાજાનો સાળો.
જેમત— ... ... ... દુર્યોધનનો આશ્રીત મહામલ્લ.
શકુની— ... ગાંધારદેશનો રાજાને દુર્યોધનનો સગો મામો.
કૈયા— ... ... ... ... કીચકનો ભાઇ.
ઉત્તર કુમાર— ... ... વિરાટ રાજાનો પાટવી કુંવર.
દ્રુપદ— ... પાંચાળ દેશનો રાજા ને દ્રૌપદીનો પીતા.
સાત્યકી— ... ... ... ... દેવસેનનો અધિપત્તી.
બળદેવ— ... ... ... શ્રીકૃષ્ણના વડીલ બંધુ.
ધૃતરાષ્ટ— ...વિચિત્ર વિર્યનો અંધ પુત્ર ને દુર્યોધનનો પિતાશ્રી.
કર્ણ— ... કુંતાજીની કુંવારી કુખે પ્રસવેલો અંગે દેશનો રાજા.

દ્રોણ— ... ... ... ભારદ્વાજનો બળીષ્ટ દ્વિજ પુત્ર.
શીખંડી— ... ... ... ... દ્રુપદ રાજાનો પુત્ર.
સુશર્મા— ... ... ... ... ત્રીગર્ત દેશનો રાજા.
ધૃષ્ટધુમ્ન— ... હોમ કુંડમાંથી પ્રાપ્ત થએલો દ્રુપદપુત્ર
અભિમન્યુ— ... ... અર્જુનનો બળિષ્ટ સંતાન.
ગટોત્કચ— ... હેડંબા રાક્ષસણીનો બળિષ્ટ બાણાવળી પુત્ર.
કૃપાચાર્ય— ... ... ... ગૌતમરૂપીના બળિષ્ટપુત્ર.
શલ્ય— ... ... ... નકુળ સહેદેવનો સગો મામો.
અશ્વસ્થામા— ... ... દ્રોણાચાર્યનો પરાક્રમી પુત્ર.
સંજય— ... ... ... ... દુર્યોધનનો દસોંદી.
યુયુત્સ— ... ધૃતરાષ્ટ્રના વિર્યથી ઉત્પન્ન થયેલો વણીક પુત્ર.
નારદ— ... કલહ પ્રિય, વાધશાસ્ત્રપ્રવીણ ત્રિકાળજ્ઞ મહર્ષિ.

## સ્ત્રી વર્ગ.

નટી— ... ... ... સુત્રધારની સહધર્મ ચારણી.
દ્રોપદી— ... દ્રુપદરાજાની કુંવરી ને પાન્ડવોની પ્રિયતમા.
સતભામા— શત્રાજીત જાદવની કુંવરી ને શ્રી કૃષ્ણની પ્રિયતમા.
ઉર્વશી— ... ... ... ... ઇંદ્ર લોકની અપ્સરા
સુદેષ્ણા— ... ... ... વિરાટ રાજાની પટરાણી.
ઉત્તરા— ... વિરાટ રાજાની કુંવરી ને અભિમન્યુની સ્ત્રી.
સુભદ્રા— ... ...શ્રી કૃષ્ણની બ્હેન ને અર્જુનની પ્રિયતમા.
કુંતાજી— પાન્ડુરાજાની સ્ત્રી ને યુધિષ્ઠિર, ભીમ, અર્જુનની માતા.

પરિશીષ્ટ વર્ગ—અયોધ્યાનો રાજા બૃહદ્બળ, સૌભનગરનો રાજા શાલ્વ, કામરૂદેશનો રાજા ભગદત્ત, ચેદી દેશનો રાજા ધૃષ્ટકેતૂ, બાળાઓ, નાયકાઓ, રૂષી પત્નિયો, દેવો, પ્રધાનો, છડીદારો, અનુચરો, જાદરણીઓ, દુતો, લશ્કરીઓ, બ્રાહ્મણો, દરબારીઓ, શિષ્યો વગેરે વિગેરે.

# ખુશ ખબર.

## જરૂર વાંચો અને ખરીદો.

અસુર કુલોત્પન્ન અડગભક્ત

# પ્રલ્હાદ વિજય.

## ત્રીઅંકી નાટક.

( ગાયનો ભાષણો અને સ્થળ પાત્રોની સમજણ સહિત )

કીંમત રૂા. ૦-૮-૦

ચેતવણી—શ્રી સુરત સુંદરવિલાસ નાટક કંપનીના માલીકના નામનો સ્ટેમ્પ વગરનું પુસ્તક કોઇએ વેચવું, વેચાવવું અગર ખરીદવું નહિ.

'મેનેજર'

ॐ हरिः ! !

# કૌરવ—પાન્ડવ

## ભાગ ૨ જો.

# નાટકનાં ગાયનો.

મંગળપાત્રો— નાન્દિ

શ્રી સચરાચર વ્યાપી શ્યામ ! !
હે મોરારી, શાંતિધારી, જયકારી તારૂં નામ, કામ...—શ્રી૦
ધર્મ ધરણ કરૂણાપતી, અશરણ શરણ દયાળ
જગજીવન જન પ્રાણજી, ગ્વાલ, લાલ ગોપાળ
સદ્‌ગુણ સાગર બહુ સુખદા, વંદીએ તુજ ચરણ સદા
છો જગ કરતા, ભવ ભય હરતા, રંગ રસ ભરતા
અવિચળ હરીજનના વિશરામ—-શ્રી૦

બાળકીઓ— ૨

અહા ! ! ભાળો, દુર ટાળો, કુસંપ ! કરાળો;
સુખ સાચું સુસંપે નિહાળો
" સ્નેહે કરો સજીવ પુર્વજોની પ્રીતિ "
" ભેદી તંન મંન માંહેથી અનીતિ ભીતી "
ઉર ઉમંગ ! ધરી અભંગ ! રાગ ! રંગ ! સંગ...—આહા ! !

કંચનીઓ— ૩

સખીરી ! ! કાહે સોચું મૈંય પલપલ(ર) છેલા કો છલબલ;
છેદ ગયે છતિયાં, મુરઝાઈ રહત મતિયાં...—સખીરી ! !
બીરહા અગન સેં જીયરા જલાકે, લગા દિયા પર લોન;
દર્શ બીના ભઈ દુબરીરે, પહાડંગી પતિયાં...—સખીરી ! !

દુર્વાસારૂષી— ૪

ક્રોધીનું વિરોધી હાય ! ! જગત આખું આ જણાય
દીલ દ્વેષીનું દુભાય, ઉર બળી ખાક થાય-ક્રોધી૦

જેમ હનુમંતે ત્રાણ, લંકામાં લગાડી લાય,
બાળતાં બીજાની કાય, આપ ફંદે જઈ ફસાય–ક્રોધી૦

**શ્રીકૃષ્ણ—** ૫

હૈયાહાર, હરીજનો ! !
નીતિવાળા, બહુ વ્હાલા, મુજને પ્રાણાધાર–હૈયાહાર૦
હું તેઓનો, તે છે મ્હારા, હરરોજે હીતકાર
સદાસાર ! ! સેવામાં તૈયાર !
ભાવિક ભક્તોનો હું દાસ, પળ પળ ચહું એમનો ઉર પ્યાર–હૈયા૦

**સત્યભામા—** ૬

વા' વા' રે ! ! વારી જાઉં, રંગીલાને રંગે
હળી હુતો ધુતારાને ઢંગે...સખી......વા' વા'૦
મોહનને મન મોહ ભરીરે, વ્હાલ વડે કરૂં વશ મ્હારા;
સ્નેહના મંત્રે શાંતિ પ્રસારી, સ્હોઉં સદા સલુણાની સંગે–વા' વા'૦

**અર્જુન—** ૭

સંગી હે ! ! સમર્થ શસ્ત્ર લાજ-તાજ-રાજ રક્ષનારા
જીવના જીવન મ્હારા, શુરતામાં સારા
તેજેશી ! સરસ વાહ્!! સુઘડ વાહ્ !! સબળ વાહ્ !! તેજ ધારા-સંગી૦
અભય બીરદ ઉર ધરતા-સરતા વિકટ વીપત પરહરતા
દુશ્મન થકી ન તન–મન ડરતા, વિજય વિજય કરતા
વિવિધી તાપ હરતા, ચમક ઝેરી ઝરતા, અજબ કેર કરનારા–સંગી૦

**અર્જુન—** ૮

આજ્ઞા આપ ઉઠાવવા, પ્રાણ મ્હારો શુરો છે પુરો
ભાને હવે હું શોભાઉં, ઇંદ્ર પીતા પાસે જાઉં, દીલથી નહીં ડરો–આજ્ઞા૦
શીખું જઇ શસ્ત્ર સકળ શાળા, હોલવું ઉરની અગ્નિ જવાળા
મારૂં હું ભમતી મુગટવાળા !
કુટીલ કપટીને, યુદ્ધમાં લપટીને, દપટીને......આ......–આજ્ઞા૦

**દ્રૌપદી—** ૯

શ્યામ સલુણા સુંદર મનહર ! કેમ હજી નહીં આવ્યારે ?
મૃગયા રમતાં શું મુજ મોહન ! ! સાવજ પુઠય સિધાવ્યારે–શ્યામ૦
દોષ ગણી આ દીન દારાનો, રોષ ધરી શું રીસાવ્યારે
કે કોઈ ભામનીયે ભ્રગુટીથી, ભોળવી ભાન ભુલાવ્યારે?–શ્યામ૦

જયદ્રથ-દ્રૌપદી ૧૦

માની જા મરમાળી ! ! શરમા ના શાણી ! !
રંગીલી, રસીલી, છબીલી, વ્હાલી !! વાહ્ વાહ્
તું પ્યારી પ્રાણુ મ્હારો, છું હું દાસ તારો-માની૦
ચરશે ખડ નહીં સાચી સિંહણુ, ભુંકે ન ઘોડલી ભય ત્રાસે,
જા જા કામી, નીચ હરામી, પાટુ ખાશે પછડાશે
મીઠી મ્હારી આ શું વદે, ગોરી ગુલઝાર
અરે । ચુપકર, બસ કર, વનચર, ખચ્ચર, ન ઉચર;
ન વિચર, દીલ ડર, દુર મર, ઝેર ન પી જીવ જશે-માનીજા૦

ઉર્વશી— ૧૧

છળું જઈ મતવારા સ્યામને, દુલારા સ્યામને;
દીલારામને, કોડીલા એ કામને;
વરસાવી મીઠી વાણુ, મારીને નયન બાણુ
પાઈ દઉં પ્રીતિના જામને-છળું૦
ભ્રમમાં ભુલાવી પ્રેમી પોપટને પુરૂ પ્રપંચ પિંજરે
ગાઈ ગાન તાન. કરૂ ગુલતાન
હાવ ભાવે હેરીને, લટકેથી લ્હેરીને, વશ કરૂં ઘેરીને-છળું૦

ઉર્વશી— ૧૨

ડોલો જીયા ડોલરીઆ સાવરીઆ સ્યામળા ! !
મુકો મનના, રાજ, મુકો મનના આમળા-ડોલો૦
તમ સંગ રૂપ સોનું તજી નહીં પ્રીત પ્રીતળથી કરૂં
હા પ્રાણુ અરપીશ પાતળા પણુ અહીંથી નહીં પાછી ફરૂં
હઠ શું લીયો, દીલદાર જક શું લીયો
પ્યારા બોલો, જરા બોલો, વ્હાલીના વિરામ વાહ્-ડોલો૦

ઉર્વશી— ૧૩

લગની લગાડી લાલ આવું કરવું ના ઘટે
બેહાતુ ઉર ભેટવા વાલમજી વટે વટે
આ વિરહ સાટે વ્હોર્યું મેં સિઝાવું શીર સટે
મન મોહ્યા પણુ મોહ આ મરતાંય ના મટે
છળથી છુટાય ન છેલડા, પ્યારા મ્હારા, ઘડી ભર ઘેલડા
છાતી સરસી તરસી ચાંપી, રેલાવો રંગના રેલડા-ઘડી૦
હીંચી હિંચોળે પ્રેમીના પ્યારા, અળગા મુકો આ અબોલડા-ઘડી૦

ઉર્વશી— ૧૪

માન શાં ધરવાં કાંઇ ગોરીથી ઘેલા

ના ઘટે દમવાં છે' દઇને છળથી છેલા—માન૦

તરસી ચાતકડી ચંદ્ર નીહાળીને, લટકાં કરી કરી લાડે;

હાથે ન આવે ત્યારે નાંખી નિશાસા, અંગારા ખાઇ આંસુ પાડે—માન૦

ટોળા વછોહી હરણી એકલડી, બાંવરી થાય બળાપે;

વંન વંન ભટકે જોડી જડે ના તો, ઝુરી ઝુરીને જીવ આપે—માન૦

અર્જુન— ૧૫

પાપી દારા તુંને ધટ ધટ રે—એ—એ.

નહીં સાચો સપુત ડગશે, કદિ પશ્ચિમમાં રવિ ઉગશે

હાય, લ્હાય લ્હાય તન મંન ધિકતું ધિકતું

નટખટ નીચતું, ખિંચતું

રંચ હું રીઝાઉં નહી, પ્રપંચે પીસાઉં નહીં, ફંદથી ફસાઉં નહીં—દારા૦

ગીરી મૃગલીથી ખસે નહીં, તુટે નહીં

ત્યમ ઉર્વશી હું તુજ સામે

ડગુ નવ નામે દુઃખ ડરથી શું કરૂં અનીતિ અરરરરરર

રે ધિક ધિક તુજ તન—ધન—જોબન

જા ઝુકાવી, દે જલાવી, થાઉં તારો ના કદી—દારા૦



# અંક બીજો.



**વૃદ્ધ—** ૧૬

તન–ધન–યોવન રંગ પતંગ છે તૃષ્ણાના તેમાં તરંગ
કપટ લપટ સંસાર સાગરે, નીરાશ ભરતીના નવરંગ
મદન મગર મસ્તાન બનીને, પ્રગટાવે બહુ દુઃખ પ્રસંગ

જગતના જીવ સર્વે, દાવ પેચના દલાલ
અધમ ઉપાધી ખાળે, વેર ખાર વે' વિશાળ
પ્રગટ પાખંડી બંદી, બુઢ્ઢાને તરૂણ બાળ–ટેક

**વૃદ્ધ–પાન્ડવો—** ૧૭

જાઓ સુખી થાઓ દુઃખ દરી તરી
અવિચળ દીપો યશ ભરી
આનંદે ઉલ્લાસે શોભા ધરી–જાઓ

કુંદન જેમ કુટાય, શુદ્ધ થાય, અગ્નિની જ્વાળાએ
તેવી રીતે દુઃખને અંતે સુખ છે
વા' રે વા', મુની અતુલ્ય દયા
આ આપની જાશે ન વિસરી–જાઓ.

દરબારીઓ, કંચનીઓ— ૧૮

અવિચળ આજે, નૃપ શીરતાજે, સુર્ય પ્રભા શો;
જામો જશ ભારી... .હરદમ હીતકારી—અવિચળ•
દંભીઓનાં દળી ગુમાન, પાપીઓના હરીને પ્રાણ
પામો પુરંદર જેવું માન
નીતિ—પ્રીતિ—સારી—ધારી—ધારી—અવિચળ•

સૈરેન્દ્રી— ૧૯

પીયુની સાચી માયારે, સ્વામીની સાચી માયારે—આ જગમાંહી•
એ સુખસાગર, એ ગુણગાગર, એનાથી શાંતિની છાયારે;
હાં એનાથી શાંતિની છાયારે—આ જગમાંહી•
સંગેને રંગે, સતી સાચે રાચેરે, કાચે તાંતણે જોડી કાયારે;
હાં કાચે તાંતણે જોડી કાયારે,—આ જગમાંહી•

સૈરેન્દ્રી— ૨૦

વિઠ્ઠલ......વીપત આ વિદારવા, વાલમ વાટ જોઇ તો રહી;
હું જીવડો પ્રોઇ તો રહી, છે ન બીજાનું બેલી કો અહીં—વિઠ્ઠલ•
સીતાની વ્હારે વ્હાલા, દરીઓ ડોળી દુર વિચર્યા;
આ દુઃખ હરવાને તેમ ધાવ......................વાલમ•
બળીને કાજે બાળ્યાં, સાતે પાતાળ સલુણા;
કિંકરી કર કાના તેમ સ્હાવ......................વાલમ•

કીચક— ૨૧

હાં હાં રમણી રસીલી પ્યાલી પ્રેમની,
હીરા મોતી જડેલી વેલી હેમની;
લાગી લગની સૈરેન્દ્રી તારા નામની,
થાતું દાસી સદા આ દીલારામની.

આહાહા ઘુંઘટ ખોલીને આસ્તે, ચાહી ચોંપી છાતી સાથ;
ચુંમશુંજી ગાલ, જોઉ રાહ, વાહ વાહ—હાંહાં૦
આવ આવ અલબેલી ઘેલી, લાડકડી લટકાળી,
ચંદ્ર વદનથી ચમકો ચપળા, રસિકા હૃદય રસાળી—હાંહાં૦
રણશર સુર્લભ તરૂણી તુજ આ, દુર્લભ દગશર દેતી;
ટળવળતા આ ભ્રમર ભોગીની,ખબર કેમ નથી લેતી—હાંહાં૦

કીચક—સૈરેન્દ્રી— ૨૨

માન માન મ્હારી મીઠી મેના,
આ તનમાં, યોવનમાં, મુઝાય કાં તું મનમાં;
રખે લજાય, નહીં તજાય, દીલોજાન—માન૦
કુટીલ શું વદે કેણુ દુરમતી દુરમર
સતાવના ! જલાવના ! ઉડાવના !
ઝાઝી જીકર ન કર, વિના મોતે તું ન મર
ઓ પ્યારી, મતવારી, દુલારી, જઉં વારી;
ના વીરસુતાની ખંત લે, ઓ હઠીલી હઠ શાને લે
ના મુખથી માગી મોત લે—માન૦

સૈરેન્દ્રી—કીચક— ૨૩

નાજુક પાંચો, છોડ છેડોરે મરડાએ મ્હારો;
લલચાવી શીદ લલના સટકે, પ્રેમ પ્યાસી આ પંખી ભટકે;
વાહ તારા ગટર મટર શા ગાલ—મરડાએ૦
રડીઆ રામ સીતાવણ કેવા, ચળીઆ પરશુ પરાસર જેવા;
વાહ તારી ચટક મટકશી ચાલ—મરડાએ૦

કીચક—અનુચર— ૨૪

ગોરી ગુમાની ગુલાબડી, પ્યારી મારી, ગોરી ગુમની ગુલાબડી;
વાહવા.
ચપળ ચાલ—ગબરૂ ગાલ—ચણ્યું ચુંટયું રૂપ રસાળ,

વાહરે રસીલા પ્યારા વાહ છબીલા વાહ—ગોરી૦
અલબેલી છેલી રસચેલી પ્રગટ બતાવો પ્યાર
સવાદ લ્યો સલુણા સાકરનો, સોમલ ખાઇ શીકાર;
અહા બસ ભાગ્ય ફળ્યું છે, સજોડું ઠીક બન્યું છે-વાહવા-ગોરી૦

સૈરેન્દ્રી— ૨૫

ભરથાર એ જન્મ દુખીઆ,
સંતાપ નશીએ શા લખીયા-ટેક.
વાંસ એરંડો થાયે ન ચંદન, મલયાચળના વાયરા વાયે;
ઓશડ આખડી માનતા માન્યે, વાંઝણી કંઇ ન વિયાએ-ભરથાર૦
ભમ્યાં ભુલ્યાં ભટકાયાં અતીશે, નાવ્યો તોએ દુઃખ આરો;
શ્રીહરી!! આ સંકટ સાગરનો, કયાંય દેખાડ કીનારો-ભરથાર૦

બહ્લવ— ૨૬

રે જીવ ઝટપટ તતબર થા, જલ્દી લે જયમતનો જાન;
ઘાતક દૈ દૈ ઘા................................રે૦
ના દઉં જાવા, અરી હાણું આવા;
બળ બતલાવા, આ તક વા-વા-રે૦

બહ્લવ—કીચક— ૨૭

આવો કીચકજી કાલા, એ લ્હેરી લાલા;
ભાવે ભરવા જોબન રંગ પ્યાલા,
ભરવા જોબનરંગપ્યાલા,હોજી ભાવે ભરવા જોબન રંગ પ્યાલા—આવો૦
તારી મારી જોડી રહો હરદમ પ્યારી,
વ્હાલી વનમાળા, રંગી બાળા—વાહવા૦
હસકે તસકે નહીં ઉડાવ, લટકે ચટકે દીલ લુભાવ;
આ સુઘડ સ્વામી હું પામી, મારી બધી વેદના વામી;
સ્યાણી સલુણી શાંતિકાર હો રસાળા—આવો૦

**ઉત્તરા—સખીઓ—** **૨૮**

આહા ! ! શી વૃષ્ટી દષ્ટિ માંહી હરષની હુલાષરે,
ઝુકી નવેલી વેલી ભરી પરાગે, તરૂણુતરૂ ઉછંગ—રંગે—વૃષ્ટી૦
જ્યાં ત્યાં જોડાં જોડી જોતી ફરેશું,
જા જા મારી બાઈ આમ કરેશું,
કેલી નિહાળ્યેથી કાજ સરેશું.
વાહ્‌વાજી વાહ્‌વાજી શાણી સુભદ્રાજી,
´ચાહી ચુંબી દાસી થુંકી ઠગેશું—દષ્ટિ૦

**ઉત્તરા—સખીઓ—** **૨૯**

જાઓ સતાવો ન મારી, હું નાજુક નારી;
વા’ લટકાળી..................ચટકાળીરે—હું૦
બાળી ભોળી હું નવ કંઇ જાણું,
હાંહાં દુલારી............ઓ મતવારીરે—હું૦

**ઉત્તરા—ઉત્તર—** **૩૦**

જાઓ વીરા વેગે વાછરડાંની વ્હારે, સંહારો સંકટ
પાપીઓના પાપે પીડાતી, ગાય માતા છોડાવો ઝટ;
ઉત્તરા બેનશું આવડાંરે, અંતરે થાવ અધીર;
કૌરવ કુળ સંહારવારે, સરજાયું મારૂં શરીર;
કાયરનાં વૃંદો લુંટો કુટો, પામરનાં વૃંદો છળોછુંદો;
વિંધૂ, વિદારૂ, લુંટારા, લંપટ—જાઓ૦

**જાંદરણીઓ—** **૩૧**

મોહ્યા લાગી માયા, સુભદ્રાના જાયા, વિરાટની કન્યા કોડામણીરે;
બેસાડી અંકે સીહલંકે ભોજા ભરમાવ્યા,
આંખ અણુસારે લલચાવ્યા, લોભાવ્યા,
પુનીત, પ્રીત, રીત, સ્નેહ, છાયા—મોહ્યા૦

દરબારીઓ—કંચનીઓ— ૩૨

વા—વા વાધો સુજન નૃપ શાંતિમાં, કુંદન સમ કાંતિમાં
રંગે રાગે, ધરી ધીર ધર્મે, કળી યશ કર્મે—વા'વા.
સુ સીદ્ધી પામો, સુ રીદ્ધી જામો, સોહાજો.
મતિ બળાધર, ખળદળ હનનનન..............વા'વા.
સુભટ વચન એક, નેકેલી અનંત ટેક;
હો !: અતિશ હામ, સદ્‌ગુણુ ધામ, જાઉંવારી—વા'વા.



# અંક ત્રીજો.

---

**પાન્ડવો—** 33

આશી વિપતી, અમો શીર અતી, હવે કોણ ગતી
કરી વ્હાર તારો હે શ્રીપતી–ટેક૦
મરવા મુદીત અમો સ્વધર્મ પાલન કાજ
પણ ન ખમાય પ્રભુ આપત્તિ આવડી આજ
શરણ ચરણ ગ્રહી, હજો દુઃખ ભરતી––આશી૦

**દુર્યોધન, શકુની—** 34

બસ હાર કરૂં, નવ વાર કરૂં૦ દુશ્મનને દુનિયા પાર કરૂં
છળીને, છુંદીને, લુંટીને, કુટીને, મારૂં હુંના વિસરૂ
ઠેક મારૂં થનનનનન, ટેક તોડું તનનનન
જાન કાઢું ઝનનનનન, સાન લાવું સનનન
જકડું, પકડું, ઝાલું, ઝીકું, વાં વાં વાં વાં–બસ૦

**લશ્કર—** 35

બસ શુર ધરો, ચકચૂર કરો, નવ લેશ ડરો, અરી પેશ કરો
ચાલો ઝટ કરો, ખટપટ હરો, કર લઠ્ઠ ધરો, કૌવત ધરો
ધારી ધીર, તાકો તીર, વૈરી પર આ વાર
પીંખો પીડીત કરો, ત્રિંટીવળો વિદારો
રોળો–ચોળો–શત્રુઓ સંહારો–બસ૦

**અભિમન્યુ, ગટોત્કચ–પાન્ડવો—** ૩૬

આશીશ ફળજો આપની, જય જગદાનંદે !!!
વરીએ કીર્તી જે અવિચળ આપણ સુરજન સૌ વંદે
અકળાવશું, ગભરાવશું, અમુઝાવશું, અરી મારશું–આશીષ૦
વાં વા–સંતાન શાણા !! ઉમંગથી રંગથીરે ..રે.
જે અરીયુથ હણો, સહી શીરપર વીપત ભારી–આશીષ૦

**ઉત્તરા, અભિમન્યુ—** ૩૭

પ્રીતમ પાખે, ત્રીવિધી તાપે હું તપું રે ! !
આ મૃદુકાયે તપું, આ દુખી હ્રદે તપું
આઠે પ્હોર અખંડ હું જાપ એના જપું રે—પ્રીતમ૦
ના જાણું કે કોની શોધમાં ફરે અહીંઆ
ના જાણું કે શાને કાજ દેહ દમે અહીંઆ
કોને પુછુ કે આપે ભાળ રૂડી કંઈ અહીંઆં
કોને વંદુ કે લાવે મારો પ્યારો પતી અહીંઆં
ઘેલી ગાંડી જગતમાં જ્યાં ત્યાં ભમે ખપું રે—પ્રીતમ૦

**ઉત્તરા—અભિમન્યુ—** ૩૮

જાવ જાવ રે, સ્વારથીઆ ઓ છેલા ! !
મનમેલા, ઘેલા, વા વા દંભમાં શું ડોલતા
રંગરાતા—મદમાતા—છતરાતા—માતા
જાઓ બોલ ના કંઈ બોલતા—જાવ૦
માનો માનો માનોજી માનોજી
કાયદો તમારો આવો ક્યાંનો ?
દહીમાં આ મુજ દુઃખ સમાવો, દેવિ ! ! મારા સુખનું સ્થાન બતાવો
રંગરાતા—મદમાતા—છતરાતા—માતા—જાઓ૦

**ઉત્તરા—અભિમન્યુ—** ૩૯

સંચરો સુખેથી મ્હારા સ્યામજી સલુણા ! !
સ્યામજી સલુણા, થઓ કીર્તીના પરૂણા
હોંશે હોંશે વ્હાલા, જાઓ રણે ચાલ્યા...હાં—સંચરો૦
ક્ષત્રીનો સ્વધર્મ એજ શાસ્ત્રમાં સદાથી છે
સ્વર્ગની સાહેબી શાણી શત્રુને દમ્યાથી છે
વાં વા વ્હાલા મ્હારા, પળો પંથે પ્યારા...હાં—સંચરો૦

**વિદુરજી—** ૪૦

ઝાંખ્ય જરા જંજાળી રે, સતેજ થૈને ઝાંખ્ય જરા રે જંજાળી
કોઈ નથી છોરૂં મોરૂં, તારૂં મારૂં સર્વે ખોટું
શાને ભરમાયો ભાળી ભાળી રે—સતેજ૦
કાયા તણી કાચી માયા, રેતીના રચ્યા પાયા
ખોશો તક આંસુ ઢાળી ઢાળી રે—સતેજ૦

સુભદ્રા— ૪૧

અરે હાય ક્યાંછે રે ! ! મ્હારો કુળદીપક ડાહ્યો દીવડો ! !

રે કેહ્યો અરીએ કાચી કોંવાડે કાપીરે

દેખાડો કોઇ મ્હારો

લાડીલો–વ્હાલીડો–હાંશીલો–હારડો–ક્યાં છે રે૦

રે મારે છતી આ આંખે અંધાપો આવ્યો રે

હાયે ક્યાં ઝાંખું મ્હારો

કાલુડો–ઘેલુડો–બાળુડો–બાહુઓ–ક્યાં છે રે૦

૪૨

## નૃત્યાભિષેક.

સમાપ્ત

# જાહેર ખબર.

નિચે દર્શાવેલાં નાટકનાં ગાયનોના ઓપેરાએ
કિંમતે અમારી 'શ્રી સુરત સુંદરવિલાસ' નાટક
જ્યાં જ્યાં મુકામ હશે ત્યાં ત્યાંની ઓફીસમાંથી

| | |
|---|---|
| પ્રલ્હાદ વિજય નાટક આખું ભાષણ સહીત રૂા | |
| પવિત્ર લક્ષ્મિ નાટકનાં ગાયનો ... ... ... | |
| ગુલબકાવલી નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| મદનચંદ્રિકા નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| હંસકુમારી નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| અભયસિંહ નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| કર્મફળ નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| નરસિંહ મેહેતા નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| શેઠ સગાળશાહ નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| શ્રી કૃષ્ણ-સુદામા નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| મહા કવિ કાળીદાસ નાટકનાં ગાયનો ... ... | ૦-૨-૦ |
| રાજ રતન નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| પ્રલ્હાદ વિજય નાટકનાં ગાયનો ... ... ... | ૦-૨-૦ |
| કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો ( ભાગ ૧ લો ) | ૦-૨-૦ |
| જાળંધર અને સતી વૃંદા ... ... ... | ૦-૨-૦ |
| કૌરવ-પાન્ડવ નાટકનાં ગાયનો (ભાગ ૨ જો) ... | ૦-૨-૦ |
| ભક્તરાજ બોડાણો અને સતી ગંગાબાઇ ... | છપાયછે |